## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ઘંટીવાળા અંકલ... આટલો ભાખરીનો લોટ ડાઉનલોડ થતાં કેટલો સમય લાગશે...!

# સ્વચ્છતા એ સ્વનિર્ભરતાનું શિક્ષણ આપે છે : વિભાવરીબેન

ગાંધીનગર, તા. ૬

સ્વચ્છતા એ સાચુ શિક્ષણ છે જે બાળકને સ્વનિર્ભરતા તરફ દોરી જવા માટે પ્રેરણાનું કામ કરે છે. રાજયના રાજ્ય શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવેએ આજે સ્વચ્છતા પુરસ્કાર એનાયત કરતાં આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે સ્વચ્છતા એ બાળકની ટેવ બને તે જરૂરી છે. તેમણે કહ્યુ કે ગાંધી વિચારધારાની વાતો નહિ પણ તેને અમલમાં લાવવા માટે સરકારે શાળાઓથી સ્વચ્છતાનો આરંભ કર્યો છે.

શ્રીમતિ વિભાવરીબેન દવેએ જણાવ્યુ હતુ કે આજે મને અને ગુજરાતને ગૌરવ થાય છે કે દેશની ૫૦ સ્વચ્છ શાળાઓમાં ગુજરાતની પાંચ શાળાઓ આવી છે. તેમણે કહ્યુ કે દેશની ત્રણ ટોપ ગ્રીન સ્કુલમાં ગુજરાતની બે શાળાઓ આવી છે જેમાં એક ભરૂચની અને એક ડાંગની શાળાનો સમાવેશ થાય છે.

સ્વચ્છતા સ્પર્ધામાં રાજ્યની ૩૧ હજાર શાળાઓએ ભાગ લીધો હતો અને ૨૫૦ શાળાઓએ ફાઈવ સ્ટાર રેટીંગ પ્રાપ્ત કર્યુ હતુ તો ફોર સ્ટાર રેટીંગ મેળવતી શાળાઓની સંખ્યા એક હજારથી વધુ છે. તેમણે જણાવ્યુ હતુ કે શૌચાલયોના અભાવે ડ્રોપઆઉટ રેસિયો વધ્યો હતો તેને નાથવામાં સફળતા મેળવ્યા બાદ હવે સ્વચ્છતાની દિશામાં પણ આપણે ઘણા બધા આગળ વધી ચુક્યા છીએ.

તેમણે કહ્યુ કે સ્વચ્છ ભારત બનાવવાના એક ગોલ્ડન લક્ષ્ય સાથે આપણા પ્રધાનમંત્રીના સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી આપણી વિશેષ છે. ગાંધી પણ ગુજરાતી હતા અને પ્રધાનમંત્રી પણ ગુજરાતી છે અને એટલે જ સ્વચ્છ શાળા સાથેના મંત્ર સાથે આગળ વધતુ બાળક સ્વચ્છ સમાજ અને સમરસ સમાજ રચનાનું સ્વપ્ન સાકાર કરી શકશે એ સ્વયં સ્પષ્ટ છે.

આ પ્રસંગે સર્વ શિક્ષા અભિયાનના નિયામક શ્રી પી. ભારથીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ જેમાં રાજયમાં યોજાયેલ આ સ્પર્ધાની વિગતો આપી તે અંગે કરાયેલ એનાલીસીસની વિગતો આપી હતી.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના ડૉ. વિનોદ રાવ, માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે. શાહ, પ્રાથમિક શિક્ષણ નિયામક જોશી, જીસીઆરટીના નિયામક ડૉ. જોશી, ઉપરાંત શિક્ષણ વિભાગના અન્ય અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મંત્રી દોઢ કલાક મોડા પડ્યા

સ્વચ્છતા પુરસ્કાર વિતરણ સમારોહમાં રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહી શક્યા ન હતા તો રાજ્યમંત્રી વિભાવરીબેન દવે દોઢ કલાકથી પણ વધુ મોડા આ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તેમના સ્વાગત વખતે કોઈએ ખુબ મોડા પડ્યા મંત્રીશ્રી તેવી હળવી ટકોર પસાર કરતાં મંત્રીશ્રીએ રોકડુ પરખાવ્યુ હતુ કે મને સમય ૧૨.૩૦નો અપાયો હતો અને હું સમયે જ આવી પહોંચી છુ.

જો કે સર્વ શિક્ષા અભિયાનના પત્રમાં સમય ૧૧ વાગ્યાનો દર્શાવાયો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા બાળકો રાજ્યભરમાંથી સવારે ૧૦ વાગે આવી પહોંચ્યા હતા.

સંવેદનશીલ સરકારમાં સ્વચ્છતાના સમારોહમાં જ સમયપાલનનો અભાવ જોવા મળતાં શિક્ષકો અને બાળકોમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો. ગાંધી તો સમયપાલનના ખુબ આગ્રહી હતા.

## પ્રખર શિક્ષક અને ગણિતજ્ઞ જે. કે. શાહનું દુઃખદ અવસાન

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામના વતની અને પ્રખર શિક્ષક વ ગણિતજ્ઞ જે.કે. શાહનું આજે ૯૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયુ છે.

સે. ૨૪ ખાતે સ્થાયી થયેલ જે.કે. શાહે ત્રીસ વર્ષથી વધુ સમય સુધી સરઢવ હાઈસ્કુલમાં શિક્ષક તરીકેની સેવા આપી હતી. માર્ચ ૧૯૨૪માં જન્મેલા જે.કે. સાહેબ બોમ્બે યુનિવર્સિટીના બી.કોમ. થયેલા હતા. ગણિત એ તેમનો ગમતો વિષય હોવા છતાં ભાષાના વિષયો પરની તેમની પક્કડે તત્કાલીન વિદ્યાર્થીઓમાં તે પ્રિય બન્યા હતા અને ભાષા શિક્ષક તરીકે તેઓ વધુ જાણીતા હતા. દસ હજારથી પણ વધુ પુસ્તકોનું વાંચન તેમણે કર્યુ હતુ અને નિવૃત્ત જીવન તેઓ પૌત્રો અને પરિવાર સાથે ગુજારતા હતા. સ્વર્ગસ્થની આજે નીકળેલી અંતિમ યાત્રામાં તેમના સ્નેહીજનો, પૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષણ જગતના અગ્રણીઓ જોડાયા હતા.

## ખાખરીયા પ્રજાપતિ સમાજનો ૨૪મો લગ્નોત્સવ યોજાશે

શ્રી ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા આયોજીત ૨૪મો સમૂહલગ્નોત્સવ આગામી તા.૯ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૮ કલાકે રામકથા મેદાન સેકટર-૧૧ ખાતે યોજાશે. આ સમુહલગ્નોત્સવમાં ૧૩ નવયુગલો પ્રભુતામાં પગલા માંડશે. આ નવદંપતીઓને આશિર્વાદ આપવા પ્રજાપતિ સમાજના તમામ ભાઈ બહેનોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજ દ્વારા ૨૪માં સમુહલગ્નોત્સવમાં ગણેશ સ્થાપન અને મંડપ મુહર્ત સવારે ૮.૧૫ થી ૮.૪૫ કલાક, ગ્રહશાંતિ સવારે ૯.૧૫ કલાકે, હસ્ત મેળાપ સવારે ૧૨.૩૯, ભોજન સમારંભ સવારે ૧૧ કલાકે, સત્કાર સમારંભ બપોરે ૧.૧૫ થી ૨.૩૦ કલાકે, કન્યા વિદાય બપોરે ૩.૩૦ કલાકે થશે.

## જસદણ બેઠક પર ૮ ઉમેદવારો મેદાનમાં

જસદણ વિધાનસભાની ચૂંટણીમાં આજે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના છેલ્લા દિવસે સાત જેટલા અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. જે બાદ હવે જસદણ બેઠક પર ૮ જેટલા ઉમેદવારો વચ્ચે જ ચૂટણીજંગ ખેલાશે. જો કે, મુખ્ય અને સીધો જંગ તો ભાજપના કુંવરજી બાવળિયા અને કોંગ્રેસના અવસર નાકિયા વચ્ચે રહેશે, જે પ્રતિષ્ઠાભર્યા જંગ બની રહેશે. જસદણમાં વિધાનસભાની ચૂંટણીનો ભારે ગરમાવો છે. આગામી તા.૨૦ ડિસેમ્બરના રોજ આ જસદણ વિધાનસભાની પેટા ચૂંટણી યોજાવાની છે. જેને લઈ કેટલાય ડમી ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા.

# શહેરનો વાઈબ્રન્ટ લુક આપવા તડામાર તૈયારીઓ

આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે.જયારે હાલ શહેરમાં વાઈબ્રન્ટને અનુલક્ષી તંત્રએ પુરજોશમાં કામગીરી શરૂ કરી દીધી છે. નગરના માર્ગો, સર્કલો તેમજ આસપાસના વિસ્તારની પણ સફાઈ તેમજ સુશોભનને લગતા કામો હાથ ધરાયા છે. નગરના માર્ગો આસપાસના વૃક્ષોને ગેરુચુનો લગાવી સુશોભિત કરવામાં આવી રહ્યા છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ ગ્રીલ લગાવાનુ કામ ચાલી રહ્યુ છે. સર્કલોની પણ સફાઈ અને રંગરોગાન થઈ રહ્યા છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જયારે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન આગામી જાન્યુઆરી મહીનામાં કરવામાં આવ્યુ છે. જયારે શહેરમાં હાલ વાઈબ્રન્ટને અનુલક્ષી તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. માર્ગ સુધારણા ઉપરાંત માર્ગ પર પટ્ટા કરવા તેમજ ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જને કલર કરવાનુ કામ પણ આરંભી દેવાયુ છે. આ ઉપરાંત વનઆરક્ષિત જગ્યામાં વૃક્ષોને પણ ગેરુચુનો કરવામાં આવી રહ્યો છે. સેન્ટ્રલ વર્જમાં એકબાજુ ગ્રીલ લગાવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ કામ પણ પુર્ણતાના આરે છે. જયારે નવા રોપાઓ ઉછેરવા સહીત સર્કલોની જાળવણી અને સફાઈ માટેની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે. માર્ગો પર કેટ આઈ લગાવવા તેમજ સાઈન બોર્ડને કલર કામ કરવા ઉપરાંત રીપેરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર પુરજોશમાં કામે લાગી ગયુ છે.જયારે વાઈબ્રન્ટ સમિટના સ્થળે પણ જરૂરી સફાઈ તેમજ જાળવણીના કામો આરંભી દેવાયા છે. મહાત્મા મંદિરના એ સી પ્લાન્ટને યોગ્ય કરવા ઉપરાંત આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો પણ ચાલુ કરવા સહીત નવા પોલ્સ મુકવા માટે પણ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેર તેમજ અમદાવાદને જોડતા માર્ગો પર સલામતી અને સુશોભનને લગતી કામગીરી માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના ખ માર્ગ પર આસપાસના વૃક્ષોને પણ ગેરુચુનો કરી સુશોભિત કરવામાં આવી રહ્યા છે. નગરના તમામ મુખ્યમાર્ગો આસપાસના વૃક્ષોને આ પ્રકારે રંગીન કરવામાં આવશે.જયારે આસપાના વિસ્તારમાં નવા રંગબેરંગી ફુલો નિખરે તેવા રોપાઓની વાવણીનુ કામ પણ હાથ ધરાયુ છે.

## નાગરિક સંરક્ષણ દળના સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

નાગરિક સંક્ષક્ષણ દળ એ આપણા ચોથા સૌન્ય તરીકે પ્રખ્યાત છે. આજે છઠ્ઠી ડિસેમ્બર નાગરિક સંરક્ષણ દળનો સ્થાપના દિન છે, જે નિમિત્તે આજે ચિલોડા ખાતે ઓન લેન્ડમાર્ક સ્કૂલ, ગાંધીનગર ખાતે નાગરિક સંરક્ષણ યુનિટ દ્વારા દબદબાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ રેસ્કયુ ટેકનીક, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયર સેફ્ટી, બચાવની પદ્ધતિ વગેરેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફાયર ટેન્ડર, ૧૦૮ એમ્બ્યુલન્સ, લાઈફ જેકેટ, લાઈફ પ્રોટેકશન ઈક્વિપમેન્ટ, ફાયર ઈક્વિપમેન્ટ પણ દર્શાવ્યા હતા અને સમજણ આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવતા ગાંધીનગરના કલેક્ટર એસ.કે. લાંગાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેમાં મામલતદાર ડિઝાસ્ટર દિપીકાબેન પંચાલ, સિવીલ ડિફેન્સના પોલીસ ઈન્સ્પેક્ટર ડિ.એન. ઝાલા તથા ડિવિઝનલ ઓફિસર અંજનાબેન નિમાવતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર ફાયરબ્રિગેડ અને જી.વી.કે. (૧૦૮ એમ્બ્યુલન્સ) દ્વારા તેમના વાહનો, સાધનો અને સ્ટાફ સાથે યોગદાન આપવામાં આવ્યું હતું.

# ગાંધી આશ્રમથી ગાંધીનગરની અલ્પેશ ઠાકોરની ન્યાય યાત્રા યોજાઈ

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે આજે બપોરના સુમારે રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર એકતા મંચ અને ઠાકોર સેનાના કાર્યકરો સાથે આવી પહોંચ્યા હતા. ઠાકોર સેના અને એકતા મંચના લોકરક્ષક પેપર લીક પ્રકરણને ઈતિહાસની દુખદ ઘટના ગણાવી હતી. અને આ પ્રકારની ઘટના રાજયમાં પહેલીવાર બની નથી. અગાઉ પણ રેવન્યું તલાટીની ભરતીમાં કૌંભાડો થયેલા છે. પરંતુ જોગવાઈ કરવી જોઈએ, પરિક્ષાર્થીઓને રૂ. ૨૦૦૦ હજાર વળતર આપવું જોઈએ, ડીઝીટલ ઈન્ડીયાની વાતો કરનાર સરકાર ખરા અર્થમાં ડિજીટલ બનાવવું હોય તો ડ્રાઈવીંગ લાયસન્સ માટે



નેજા હેઠળ અલ્પેશ ઠાકોરે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી ચાર માંગણી કરવામાં આવી છે. જેમાં દોષિતોને કડકમાં કડક સજા કરવી, લોકરક્ષકના ઉમેદવારોને રૂ.૨૦૦૦ ખર્ચ પેટે આપવા, તેમજ પરિક્ષા પછી માત્ર ૭ દિવસમાં મેરીટલીસ્ટ બહાર પાડવું.

ગાંધીનગર ખાતે આજે બપોરના સુમારે ઠાકોર સેના અને એકતા મંચના આગેવાન અલ્પેશ ઠાકોર આવી પહોંચ્યા હતા. અને આગળ કાર્યવાહી થતી નથી,દોષિતો પકડાતા નથી. પેપર લીક મામલે તેઓએ સરકારના અણઘડ વહીવટને જવાબદાર ગણાવ્યો હતો. જયારે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ચાર માંગણીઓ કરી છે. જેમાં આ પ્રકારના કૌંભાડ રાજયમાં બીજીવાર ના થાય તે માટે પ્યાદાઓ નહીં તેની પાછળ મોટા ગુનેગારને ઝડપી પાડવા જોઈએ, દોષિતોની સામે કડકમાં કડક સજા થાય તેની આરટીઓમાં લેવાતી કોમ્પ્યુટર પરિક્ષાની જેમ ઓન લાઈન પરિક્ષા લેવામાં આવે, તેમજ કેટલા માર્ક સાચા પડ્યા તેની પ્રિન્ટ સ્થળ પર જ આપવામાં આવે. જયારે મેરીટ લીસ્ટ માત્ર ૭ દિવસમાં બહાર પાડવામાં આવે તે સહિતની માંગણીઓનો સમાવેશ કરાયો છે. આ પ્રસંગે રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સાથે એકતા મંચ અને જિલ્લા ઠાકોર સેના ના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ચોરીના બે બાઈક સાથે બે શખ્સોની ધરપકડ

### એસઓજીની ટીમે દહેગામ પાસેથી બન્ને શખ્સોને ઝડપી પાડયા : ચોરીના બે બાઇક રિકવર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં વધી રહેલી વાહનચોરી અટકાવવા અને વાહન ચોરોને પકડવા જિલ્લા પોલીસ અધિક્ષકે લોકલ ક્રાઈમ બ્રાંચ તથા એસ.ઓ.જી ઉપરાંત તમામ પોલીસ મથકના અમલદારોને સૂચનાઓ આપી છે ત્યારે ગાંધીનગર એસઓજીની ટીમે આ દિશામાં પોતાના બાતમીદારો સક્રિય કર્યા ઉપરાંત સઘન વાહન ચેકિંગ પણ હાથ ધર્યા છે. દરમિયાન ગઈકાલે દહેગામ તાલુકાના રાજાજીના મુવાડા ગામમાંથી એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે ચોરીના બે બાઈક સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. બંને બાઈક રિકવર કરી બે આરોપીઓની અટકાયત કરી દહેગામ પોલીસને સોંપવા કવાયત શરૂ કરવામાં આવી છે.

દહેગામના રાજાજીના મુવાડા ગામેથી એસઓજીએ બાતમીના આધારે એક શખ્સના ઘરેથી ચોરીના બે બાઈક કબ્જે કરીને બે શકમંદોને ઝડપીને દહેગામ પોલીસને સોંપ્યા હતા. ગાંધીનગર એસઓજીના ઈન્ચાર્જ પીઆઈ જે.આર.કરોતરાની સૂચનાથી તેમની ટીમ દહેગામ વિસ્તારમાં



પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ દિગ્વીજયસિંહ ચંદનસિંહને બાતમી મળી હતી કે રાજાજીના મુવાડામાં પરા વિસ્તારમાં રહેતો સરદાર લાલાજી રાઠોડના ઘરે ચોરીના બાઈક પડ્યા છે. બાતમીના આધારે એસઓજીની ટીમે સ્થળ પર જઈ ચેકીંગ કરતા ચોરીના બે બાઈક મળી આવ્યા હતા. સરદાર સાથે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા ગજાનંદ એપાર્ટમેન્ટમાં રહેતો યોગેશ દશરથભાઈ પટેલ પણ મળી આવ્યો હતો. એસઓજીએ બંની શકમંદોની અટકાયત કરી તેમના કબ્જામાં રહેલાં ચોરીના બે બાઈક જપ્ત કરી લઈને બંને શખ્સોને દહેગામ પોલીસને સોંપી દીધા છે. દહેગામ પોલીસે બંને અટકાયતી આરોપીઓની બાઈક ચોરી મામલે સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

## લૂંટના ઈરાદે ગંભીર ઈજા પહોંચાડવાના કેસમાં આરોપીઓને સાત વર્ષની કેદ

### માણસાના સમૌ ગામમાં લુંટના ઇરાદે એક વ્યકિત પર હુમલો કરી આરોપીઓએ ખેતરની ઓરડી સળગાવી દીધી હતી

ગાંધીનગર તા ૬

માણસા તાલુકાના સમૌ ગામમાં જમીન બાબતે ચાર આરોપીએ ભેગા મળીને એક વ્યકિતને લુંટના ઈરાદે તલવાર વડે હુમલો કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર તા ૯ ઓકટોબર વર્ષ ૨૦૧૨ ના રોજ વિષ્ણુજી ડોસાજી ચાવડાના ભોગવટાની જમીનમાં વાવણ નહીં કરી નિકળી જવાનુ કહેતા આરોપી જયદીપસિંહ બાલુજી, તેમજ બાલુજી મનુજી ચાવડા, મેહુલસિંહ પ્રવિણસિંહ, તેમજ આરોપી ચાવડા લાલસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ એ તેમની સાથે ઝપાઝપી કરી હતી. આરોપીઓએ તેમને ગડદાપાટુનો માર મારી ડાબા કાનના ભાગે તલવાર મારીને ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત સોનાનો દોરો તેમજ રોકડ લઈ બોરની ઓરડી અને ઘાસના પુળાને આગ લગાવી નુકશાન કર્યુ હતુ. આ બનાવ અંગે તેમણે આરોપીઓ વિરુધ્ધ માણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકાર વકીલ તરીકે સુનિલ પંડયા તેમજ જયદિપસિંહ એચ ચાવડાએ દલીલો કરી હતી. જેના અંતે જજ રશીદાબેન એમ વોરાએ આ ચારેય આરોપીઓને ઈ પી કો કલમ ૩૯૪ માં સાત વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીઓને રૂ ૬૪ હજારનો દંડ ભોગવવા પણ હુકમ કર્યો છે.

# માધ્યમિક શાળાઓમાં પણ ઓન લાઈન હાજરીની પ્રથા શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૬

રાજ્યની પ્રાથમિક શાળાઓ બાદ હવે માધ્યમિક શાળાઓમાં પણ ઓનલાઈન એટેડન્સ સિસ્ટમ લાગુ કરવા અંગે સરકારમાં વિચારણા ચાલી રહી હોવાનો સંકેત આજે રાજ્યના શિક્ષણ વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવે આપ્યો હતો.

ગાંધીનગરમાં સે. ૧૨ ખાતે સ્વચ્છતા પુરસ્કાર એનાયત સમારોહમાં હાજરી આપવા આવેલા ડૉ. રાવે જણાવ્યુ હતુ કે મધ્યાહન ભોજન યોજનાને પણ વધુ પારદર્શક બનાવવા માટે આવી યોજના વિચારાધીન છે.

પ્રાથમિક શાળાઓમાં લાગુ કરાયેલ ઓનલાઈન એટેડન્સ્ પ્રથા અંગે તેમણે જણાવ્યુ હતુ કે તંત્ર દ્વારા ક્રોસ વેરીફીકેશન કરવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં ઘણા બધા જિલ્લાઓમાં આવુ ક્રોસ વેરીફીકેશન થશે. તેમણે કહ્યુ હતુ કે બનાસકાંઠા અને અન્ય એક જિલ્લામાં હાજરી અંગે વિસંગતતા જણાતાં શિક્ષકો અને ડી.પી.ઈ.ઓ.ને નોટીસ આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યના પ્રાથમિક શિક્ષણમાં ઘણુ બધુ નવીનીકરણ કરવામાં આવ્યુ છે. તે પૈકી ઓનલાઈન એટેડન્સ એક છે. આ ઉપરાંત તાસ પ્રથા, રાજ્યમાં દરેક જિલ્લામાં એક સાથે શાળાઓમાં સત્રાંત મૂલ્યાંકન, વિષય શિક્ષકોની ફાળવણી જેવા અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે અને તેના સારા પરિણામો મળવાના શરૂ થઈ ગયા છે.

ડૉ. રાવે જણાવ્યુ હતુ કે ઓનલાઈન હાજરી પ્રથાને કારણે ભૂતિયા વિદ્યાર્થીઓ મળશે એટલુ જ નહિ ક્યાં શું શું ચાલી રહ્યું છે તેની પણ ઘણી બધી માહિતી ઉપલબ્ધ થશે.

# વડીલોની પંદર દિવસે આરોગ્ય ચકાસણી પાયલોટ પ્રોજેકટનો ફિયાસ્કો

ગાંધીનગર,તા.૬

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા મોટી ઉંમરના એકાંકી જીવન જીવતા નાગરીકો માટે પાટનગર ગાંધીનગરમાં છ માસ અગાઉ પાયલોટ પ્રોજેકટ શરુ કરાયો હતો. જેમાં માત્ર રૂ.૧ હજારમાં એક વર્ષ સુધી મહિનામાં બે વાર ડોક્ટર સહિતની ટીમ ઘરે આરોગ્ય ચકાસણી માટે આવશે અને જરુરી દવાઓ આપશે. પરંતુ ૬ માસના ટુંકા ગાળામાં આ પાયલોટ પ્રોજેકટનું બાળમરણ થયું હોય તેમ લાગી રહ્યું છે. પંદર દિવસના સ્થાને બે મહિના થવા છતા કેટલાક વડીલોના ઘરે ટીમના સભ્યો ડોકાયા નથી. ગાંધીનગરમાં શરુ કરેલા પાયલોટ પ્રોજેકટની સફળતા બાદ સમગ્ર રાજયમાં આ પ્રોજેટક લાગુ કરવાનો હતો. પરંતુ રાજયમાં પ્રોજેકટ શરુ થાય તે પહેલા તેનું સુરસુરીયું થઈ ગયું છે.

રાજય સરકાર દ્વારા છ માસ અગાઉ શહેરમાં એકાંકી જીવન જીવતા વડીલોને ઘરે બેઠા સારવાર અને આરોગ્યની ચકાસણી થાય તેવા ઉમદા હેતું થી રાજય સરકારે પાયલોટ પ્રોજેકટ તરીકે ગાંધીનગર થી શરુઆત કરી હતી. જેમાં વયોવૃધ્ધ વડીલોને માત્ર રૂ. ૧ હજાર ભરીને માસમાં બે વાર આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. જેમાં બીપી, ડાયાબીટીસ, વજન, સહિત જરુરી ટેસ્ટ કરવામાં આવશે અને જરુરી દવાઓ પણ આપવામાં આવતી હતી. રાજય સરકારના આ પાયલોટ પ્રોજેકટની સફળતા બાદ અન્ય શહેરમાં આ યોજના લાગુ કરવાની હતી.

વડીલો માટે આશિર્વાદરુપ યોજના હતી. પરંતુ છેલ્લા બે માસથી આ યોજના ખોરંભે ચડી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. કેટલાક વડીલોના ઘરે બે માસનો સમય થયો હોવા છતા ટીમ દેખાઈ નથી. ત્યારે આ પ્રોજેકટનો ફિયાસ્કો થયો હોય તેમ લાગી રહ્યું છે. આ યોજના કાર્યરત થયા બાદ વડીલોને કાર્ડ પણ આપવાનું હતું. જેમાં વડીલોની સારવારની તમામ વિગત જે તે ડોકટરને મળી રહે. ત્યારે આ યોજનાનું પ્રારંભિક તબક્કામાં જ બાળમરણ થયું હોય તેવું વડીલોને લાગી રહ્યું છે.




વિશ્વ હિન્દુ પરીષદના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી છત્રાલના મૃતક અશોકભાઈના પરિવારને ન્યાય મળે અને દોષિતોને સજા થાય તેમજ આરોપીને જામીન મળવા બાબતે તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે સમગ્ર કેસને ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવા માંગ કરી હતી. આ પ્રસંગે વીએચપી અને બજરંગદળના કાર્યકરો હાજર રહ્યાં હતા.


## જાહેર નિવિદા

### પ્રાંતિજ નગરપાલિકા, જી. સાબરકાંઠા

સ્વચ્છ ભારત મિશન અર્બન અંતર્ગત પ્રાંતિજ નગરપાલિકા ખાતે MIS/IT EXPERT કર્મચારીની પ્રાંતિજ નગરપાલિકા ખાતે ૧૧ માસના ધોરણે હંગામી - કરાર આધારિત નિમણુંક કરવાની છે. જેની વિગત નીચે જણાવેલ છે.

| ક્રમ | જગ્યા | લાયકાત | સંખ્યા | ફિક્સ માસિક વેતન રૂ. |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | MIS/IT EXPERT | MCA/ Computer Eng. (B.E./B.Tech) B.E. IT /MSC-IT અને ૧ વર્ષનો અનુભવ | ૧ | રૂ. ૧૫,૦૦૦.૦૦ની મર્યાદામાં |

ઉપરોક્ત જગ્યા માટે ભરતી કરવાની હોવાથી લાયકાત ધરાવતા ઈરજદારે તા. ૧૪/૧૨/૨૦૧૮,ના રોજ બપોરે ૩.૦૦ કલાકે તમામ અસલ તથા ઝેરોક્ષ માર્કશીટ, અનુભવના પ્રમાણપત્ર, અરજી સાથે પ્રાંતિજ નગરપાલિકા કચેરી, પ્રાંતિજ ખાતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે. રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા પસંદગી કરવામાં આવશે. નિમણુંક બાબતે પ્રાંતિજ નગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

| | | | | |
|---|---|---|---|---|
| વિશાલ બી. પટેલ | રાજેશ આર. ટેકવાણી | પટેલ કોકિલાબેન વી. | દેસાઈ નયનભાઈ બી. | પટેલ ગીતાબેન એસ. |
| ચીફ ઓફીસર | આરોગ્ય ચેરમેન | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા |